# EDIમાં પરિસંવાદ: દેશમાં સામાજિક ઉદ્યોગ સાહસિકતાની જરૂરિયાત

**નવગુજરાત સમય** > અમદાવાદ

આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા, યુનિવર્સિટી ઓફ ઈસ્ટ લંડન અને બ્રિટિશ કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે મેઈનસ્ટ્રીમીંગ ઓફ સોશિયલ આન્ત્રપ્રિન્યોરશીપ એજ્યુકેશન ઈન ઈન્ડિયા વિષય પર એક પરિસંવાદનું આયોજન થયું હતું. ઈડીઆઈ ખાતે યોજાયેલા આ પરિસંવાદમાં શિક્ષણશાસ્ત્રીઓ, શૈક્ષણિક ક્ષેત્રના નિષ્ણાંતો અને સોશિયલ ઉદ્યોગસાહસિકો દ્વારા સામાજિક ઉદ્યોગ સાહસિકતાની જરૂરિયાત તેમજ તેની સામેના પડકારો અને ઉકેલો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.



મુખ્ય અતિથી તરીકે હાજર રહેલાં માઈકાના ડીન પ્રોફેસર પ્રીતિ શ્રોફે જણાવ્યું કે, 'પરિવર્તનની શરૂઆત આપણાથી જ થાય છે. ઉદ્યોગ સાહસિકતા શીખવી શકાય નહીં. આ એક પદ્ધતિ છે કે જેને આપણે સંસ્થાઓ સાથે સાંકળવી પડશે, જેથી આપણા બાળકોને તેનો ખ્યાલ આવે. શૈક્ષણિક સંસ્થાઓએ તેમના વિદ્યાર્થીઓને આઈડિયાપ્રિન્યોર્સ બનાવવા માટે પોતે સોશિયલ એન્ટરપ્રેનિયર્સ બનવું પડશે.''

ઈડીઆઈઆઈના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ જણાવ્યું કે, 'સોશિયલ એન્ટરપ્રાઈઝે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન આકર્ષિત કર્યું છે. એક સોશિયલ એન્ટરપ્રાઈઝ કારોબારના સિદ્ધાંત પ્રમાણે કામગીરી કરે છે, પરંતુ સાથે-સાથે સામાજિક સમસ્યાઓનો ઉકેલ પણ લાવે છે. આથી આ બાબતોને મુખ્યપ્રવાહ સાથે સાંકળવું અત્યંત જરૂરી છે.'' આ કોન્કલેવમાં સમીર ચતુર્વેદીએ ભારત અને યુકે સહિત વિશ્વના 28 દેશોમાં બ્રિટિશ કાઉન્સિલના સોશિયલ એન્ટરપ્રેનિયરશીપને પ્રોત્સાહન આપવાના પ્રયાસો અંગે ચર્ચા કરી હતી. આ પ્રસંગે યુઈએલના સિમોન માથેર પણ ઉપસ્થિત રહ્યાં હતાં.